# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)**

आजादी का अमृत महोत्सव

**#AmritMahotsav**

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૧૨/૨૦૨૨**

**તા. ૧૧-૦૨-૨૦૨૨**

**પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન**

| # | હવામાન પરિબળો | 05/02/2022 | 06/02/2022 | 07/02/2022 | 08/02/2022 | 09/02/2022 | 10/02/2022 | 11/02/2022 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 29.9 | 31.7 | 28.9 | 29 | 29.3 | 29 | 27.7 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 12.3 | 14.6 | 14.6 | 15 | 16.1 | 15.2 | 14.5 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 100 | 100 | 100 | 100 | 100 | 98 | 62 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 20 | 29 | 37 | 38 | 36 | 31 | 33 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 8.7 | 10.3 | 12.2 | 10.5 | 12.8 | 13.6 | 24 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | પશ્ચિમ નૈઋત્ય-247 | નૈઋત્ય-214 | નૈઋત્ય-235 | પશ્ચિમ નૈઋત્ય-247 | પશ્ચિમ-267 | વાયવ્ય-311 | ઇશાન-48 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 2 | 0 | 0 | 8 | 2 | 1 | 0 |

**અમરેલી જીલ્લાની તા. 12/02/2022 થી 16/02/2022 ની હવામાન આગાહી:**

| # | હવામાન પરિબળો | 12/02/2022 | 13/02/2022 | 14/02/2022 | 15/02/2022 | 16/02/2022 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 30 | 31 | 32 | 31 | 30 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 14 | 15 | 16 | 14 | 14 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 27 | 30 | 36 | 57 | 47 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 18 | 15 | 15 | 15 | 19 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 17.2 | 10.4 | 12.7 | 13.8 | 11.7 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | ઇશાન-45 | પૂર્વ ઇશાન-75 | નૈરુત્ય-225 | પશ્ચિમ-270 | પશ્ચિમ વાયવ્ય-281 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 0 | 0 | 0 | 0 | 0 |

**નોંધ:** આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

| | |
|---|---|
| **હવામાન સારાંશ** | અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન મધ્યમ ભેજવાળું, ઠંડુ અને ચોખ્ખુ રહેવાની શક્યતા છે. વરસાદની કોઇ શક્યતા નથી. આગામી ૨ દિવસ ધુમ્મસ અને ઝાંકળ ની શક્યતા ઓછી છે, દિવસ-૩ થી ૫ સવારના સમયે ધુમ્મસ આને ઝાંકળ પડાવની શક્યતા છે. લઘુત્તમ તાપમાન ૧૪-૧૫ °સે અને મહત્તમ તાપમાન ૩૦-૩૧ °સે જેટલું રહેવાની શક્યતા છે. **પવનની ગતિ આગામી ૨ દિવસ સામાન્ય કરતા વધુ અંદાજીત ૧૦-૧૭ કિમી/કલાક સુધી, અને દિવસ ૩ થી ૫ સામાન્ય ૧૧-૧૩ ૧૦-** |

**૧૭ કિમી/કલાક સુધી ની રહેવાની અને દિશા આગામી બે દિવસ મોટાભાગે ઇશાન થી પૂર્વ, અને દિવસ ૩ થી ૫ નૈરુત્ય થી વાયવ્ય રહેવાની શકયતા છે.**

**આગોતરું અનુમાનઃ** તા. ૧૬ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વરસાદ પડવાની કોઇ શક્યતા નથી, મહત્તમ અને લઘુતમ તાપમાન સામાન્ય કરતા ઓછુ રહેવાની, અને આકાશ ચોખ્ખું રહેવાની શક્યતા છે.

**સામાન્ય કૃષિ સલાહ**

→ જમીનમાં ભેજ સંરક્ષણ અને નિંદણ નિયંત્રણ માટે પ્લાસ્ટિક મલ્ચ (આવરણ) અથવા પાક અવશેશોના આવરણનો ઉપયોગ કરવો.

→ વહેલું વાવેતર કરેલા ચણાની કાપણી માટેનું આયોજન કરવું.

→ દુધાળ પશુઓમાં કબજીયાતનાં નિયંત્રણ માટે નાના બચ્ચાને ૨૦-૪૦ ગ્રામ સરસીયુ અઠવાડિયાનાં અંતરે પીવવડાવું.

→ ઘઉંમાં બિયારણની શુધ્ધતા જાળવવા સમયાન્તરે ઘઉંના વિજાતીય છોડ અન્ય પાક અને નીંદણના છોડને દુર કરવા.


**SMS**


→ ઘઉંમાં દાણા પર કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા) ના નિયંત્રણ માટે છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપવું. ત્યારબાદ પિયત આપવું નહિ.

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| તલ (ઉનાળુ) | જમીનની તૈયારી અને જાતની પસંદગી | વાવેતર સમય | • હાલની પરિસ્થિતિ મુજબ તાપમાન નીચું હોવાથી ઉનાળુ તલનું વાવેતર ૧૫ **ફેબ્રુઆરી બાદ** કરવું જ્યારે લઘુતમ તાપમાન **૨૦** °સે. ઉપર અને મહત્તમ તાપમાન **30** °સે. હોય. |
| | | જમીનની તૈયારી | • ઉનાળુ તલ માટે જમીન તૈયાર કરતી વખતે પ્રતિ હેકટર ૧૦ ટન છાણિયુ ખાતર જમીનમાં ભેળવી દેવું |
| | | જાતો | • ઉનાળુ વાવેતર માટે ગુજરાત તલ-૩ અને ૫ જાત પ્રથમ પસંદ કરવી |
| | | બિયારણ દર અને બીજ માવજત | • તલના ૧ હેકટરના લાઇનમાં વાવેતર માટે ૨.૫ કિ.ગ્રા. બિયારણ પુરવું.<br>• છાંટીને કરવામાં આવતા વાવેતર માટે ૪ થી ૪.૫ કિ.ગ્રા. બિયારણની જરૂરીયાત રહે છે.<br>• તલનું બીજ જીણું તેમજ દર ઓછો હોવાથી વાવતી વખતે જીણી રેતી ભેળવીને વાવેતર કરવાથી સપ્રમાણ અંતર જાળવી શકાય છે. |
| | | ખાતર | • ઉનાળુ તલ માટે જમીન તૈયાર કરતી વખતે પ્રતિ હેકટરે ૧૦ ટન છાણીયું ખાતર જમીનમાં ભેળવી દેવું. આ ઉપરાંત પાયાના ખાતર તરીકે ૨૫ કિ.લો. નાઇટ્રોજન, ૨૫ કિ.લો. ફોસ્ફરસ અને ૪૦ કિ.લો પોટાશ (૫૪ કિ.લો. **DAP,** ૭૬ કિ.લો. એમોનિયમ સલ્ફેટ અને ૬૭ કિ.લો. મ્યુરેટ ઓફ પોટાશ) વાવની વખતે જમીનમાં ઓરીને આપવું. |
| તરબૂચ | વાવણી | વાવેતર સમય | • જાન્યુઆરીના બીજા અઠવાડિયાથી માંડીને માર્ચની આખર સુધીમાં કરી શકાય. |
| | | બિયારણનો દર અને વાવણી અંતર | • જમીનની પ્રત અને તેની ફળદ્રુપતાને ધ્યાને રાખીને તરબૂચનું ૨ મીટર × ૧ મીટરના અંતરે વાવેતર કરવું અથવા જોડિયા હાર પદ્ધતિથી ૧ મીટર × ૦.૬ મીટર × ૩.૪ મીટરના અંતરે (દરેક હારમાં બે છોડ વચ્ચે ૧ મીટર, બે હાર વચ્ચે ૩.૪ મીટર અંતરે) વાવણી કરવી. ટૂંકા અંતરે વાવેતર કરેલ પાકમાં ફળો કદમાં નાના રહે છે. વાવણીનું અંતર અને બીજના કદને ધ્યાનમાં લેતા ૨.૫ થી ૩.૦ કિ.ગ્રા. બીજ એક હેકટરના વાવેતર માટે જરૂરી છે. બીજને વાવણી કરતાં પહેલાં ફૂગનાશક દવાની બીજ માવજત આપવી. હાઇબ્રિડ જાતનું વાવેતર કરવું |
| | | ઠંડી થી રક્ષણ | • નવા ઉગેલા છોડને ઠંડી થી રક્ષણ આપવા જરુર જણાય તો ગ્રો કવરનો ઉપયોગ કરવો |
| | | નર-માદા રેશિયો | • નાર ફૂલોના પ્રમાણમાં વધુ માદા ફૂલો મેળવવા માટે બોરેક્ષ ૩૦ થી ૪૦ ગ્રામ પ્રતિ દસ લીટર પાણી માં છંટકાવ કરવો |
| | | ટોપ ડ્રેસિંગ | • વાવેતર પછીના ૨૫ દિવસે નાઇટ્રોજન ૩૫ કિગ્રા પ્રતિ હેક્ટર પુરતી ખાતર તરીકે આપવું |
| | | પાક સંરક્ષણ | • મોલો મશીના નિયંત્રણ માટે ૧૦ થી ૧૫ યલો સ્ટીકી ટ્રેપ (પીળા ચીકણા પિંજર) લગાડવા. |
| મગ-અડદ (ઉનાળુ) | જમીનની તૈયારી અને જાતની | જમીનની તૈયારી | • ઉનાળુ મગનું વાવેતર ૧૫ ફેબ્રુઆરી થી ૧૫ માર્ચ સુધીના સમયગાળા દરમ્યાન કરવાથી વધુ ઉત્પાદન |

| | | | |
|---|---|---|---|
| | **પસંદગી** | | મળે છે. |
| | | | • વાવેતરના ૧-૨ અઠવાડિયા પહેલા છાણીયું ખાતર ૧૦ ટન અથવા અળસિયાનું ખાતર ૫ ટનમાં ટ્રાયકોડર્મા મિશ્ર કરી પ્રતિ હેકટરે આપવું |
| | | | • નિંદામણ નિયંત્રણ માટે ખેતરમાં પહેલા કોરવાણ કરી સમાર મારી પછી વાવેતર કરવું |
| | | | • સફેદ માખી અને લીલા તડતડીયાના નિયંત્રણ માટે ગલગોટાનું વાવેતર કરવું. |
| | | **બિયારણ નો દર** | • વાવણીયાથી ઓરીને વાવતેર કરવા ૧૫-૨૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર, જ્યારે પૂંખીને વાવણી કરવા માટે ૨૦-૨૫ કિ.ગ્રા. હેકટર, બે ચાસ વચ્ચે ૩૦ સે.મી. નું અંતર રાખવુ. |
| | | **બીજ માવજત** | • થાયરમ અથવા બાવિસ્ટીનનો ફુગનાશક દવાનો ૩.૦ ગ્રામ પ્રતિ કિલોગ્રામ પ્રમાણે પટ આપવો. |
| | | **રાઇઝોબીયમ કલ્ચરનો પટ** | • રાઈઝોબીયામ કલ્ચર એ કઠોળ પાકોના મૂળમાં નાઈટ્રોજનનું સ્થાપન કરતા બેકટેરીયાનું કલ્ચર છે.<br>• ફૂગનાશકનો પટ આપ્યા બાદ રાઈઝોબીયમ કલ્ચર ૫ મી.લી. પ્રતિ કિ.ગ્રા. બીજ પ્રમાણે પટ આપવાની ભલામણ છે. |
| | | **ખાતર** | • વાવણી સમયે રાસાયણિક ખાતર પ્રતિ હેકટરે ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ ચાસમાં ઓરીને આપવું. તદ્ઉપરાંત હેકટરે ૨૦ કિલો સલ્ફર આપવાથી મગનું ઉત્પાદન સારું મળે છે અને પ્રોટીનનું પ્રમાણ વધવાથી દાણાની ગુણવત્તા પણ સુધરે છે. |
| | | **પિયત** | • મગનું વાવતેર ઓરવણ કર્યા પછી વરાપ થયેથી કરવું. અને પ્રથમ પિયત વાવેતરના ૨૫ થી ૩૦ દિવસે ફૂલની શરૂઆત થયા પછી આપવું. |
| **બાજરો (ઉનાળુ)** | **જમીનની તૈયારી અને જાતની પસંદગી** | **વાવણીનો સમય** | • ફેબ્રુઆરીના પહેલા કે બીજા અઠવાડીયા દરમિયાન કરી દેવું જોઇએ. |
| | | **જમીનની તૈયારી** | • જમીન તૈયાર કરતી વખતે હેકટરે ૧૦ ટન સારી રીતે કોહવાયેલા છાણિયા ખાતરને પ્રાથમિક ખેડ કરતા પહેલા નાખવું ત્યાર પછી હળ કે કરબ વડે સારી રીતે જમીનમાં ભેળવી દેવું. |
| | | **જાતની પસંદગી** | • (૧) ગુજરાત હાઈબ્રિડ બાજરી-૫૨૬ (જીએચબી-૫૨૬)<br>• (૨) ગુજરાત હાઈબ્રિડ બાજરી-૫૫૮ (જીએચબી-૫૫૮)<br>• (૩) ગુજરાત હાઈબ્રિડ બાજરી-૫૩૮ (જીએચબી-૫૩૮) |
| | | **બિયારણ દર:** | • ફળદ્રુપ જમીન માટે ૩.૭૫ થી ૪ કિ.ગ્રા/હેકટર ક્ષારીય ભાસ્મિક અને ભાસ્મિક જમીન માટે ૫.૭૫ થી ૬ કિ.ગ્રા/હેકટર પ્રમાણિત બિયારણનો દર રાખી વાવણી કરવી. |
| | | **વાવેતર અંતર** | • બે હાર વચ્ચે ૪૫ થી ૬૦ સે. મી. અને એક હારમાં બે છોડ વચ્ચે ૧૦ થી ૧૫ સે.મી.નું અંતર પારવણીથી જાળવવું.<br>• વાવણિયાથી બીજ જમીનમાં ૪ સે.મી. થી વધારે ઊંડે ન જાય તે રીતે વાવણી કરવી. |
| | | **ફેર રોપણી** | • શિયાળુ પાકની કાપણી બાદ ઉનાળુ બાજરીનો પાક લેવા માટે ૨૦ થી ૨૫ દિવસ અગાઉ બાજરીનું ધરૂ નાખવું જોઈએ. |
| | | **ખાતર** | • સામાન્ય રીતે રાસાયણિક ખાતર જમીનના પૃથક્કરણ અહેવાલ મુજબ જ આપવું જોઈએ. છતાં પણ ઉનાળુ બાજરીમાં હેકટરે ૧૨૦ કિ.ગ્રા. નાઇટ્રોજન અને ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ આપવાની ભલામણ છે.<br>• નાઈટ્રોજનનો અડધો જથ્થો (૬૦ કિ.ગ્રા.) અને ફોસ્ફરસનો બધો જ જથ્થો (૬૦ કિ.ગ્રા.) વાવેતર અગાઉ ચાસમાં પાયાના ખાતર તરીકે આપવો. |
| **આંબો**  | **લખોટી જેટલા કદના ફળ** | **પિયત** | • આંબામાં વટાણા જેવડી કેરી થાય ત્યારે ૧૫ દિવસના અંતરે ખામણાં ભરી પિયત આપવાથી કેરીની સંખ્યામાં વધારો થાય છે કેરીના ફળની વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે અને કેરીઓ ખરી પડતી અટકે છે. |
| | | **આચ્છાદન/ આવરણ/ મલ્ચીંગ/ લીલો પડવાશ**  | • ઝાડ ઉપર કેરી હોય ત્યારે ખુલ્લી જમીનનો તડકો ન લાગે તે માટે કંઇ આચ્છાદન કરવું અથવા મગ/ગુવાર/શણ ઉગાડી આંબાવાડીયામાં ભેજ જાળવવો અને કેરી પાક પુરો થયા બાદ તેનો લીલો પડવાશ કરી નાખવો જેથી કેરીમાં કપાસીનો (સ્પોન્જી ટિશ્યૂ) રોગ નિવારી શકાય અને અન્ય કેરીમાં ફળ ઉપર સૂર્ય ગરમીથી પડતા ડાઘા અટકાવી શકાય. |
| **લીંબુ** | **ફળ અવસ્થા** | **બળિયા ટપકા** | • બળિયા ટપકા ના નિયંત્રણ માટે નવેમ્બર-ડિસેમ્બર, ફેબ્રુઆરી-માર્ચ, જુન અને જુલાઇ-ઓગસ્ટ માં એમ કુલ ચાર વખત ૧૦:૦૫:૧૦૦ ના પ્રમાણ વાળુ બોર્ડો મિશ્રણ અથવા તાંબા યુક્ત દવાનો છંટકાવ કરવો. |

| | | | |
|---|---|---|---|
|  | |  | |
| | | ફળ ખરી જવા | • લીંબુ ના ફળો બેસી ગયા બાદ ૨% યુરિયા સાથે ૨૦ **ppm NAA** ના ૧-૨ છંટકાવ કરવાથી ફળ નું ખરણ ઘટે છે અને ફળ ના કાળ અને વજન માં વધારો થાય છે. |
| મગફળી (ઉનાળુ)  | ઉગાવા થી ફુલ અવસ્થા | પિયત | • પ્રથમ પિયત વાવેતર બાદ તરત આપવું.<br>• બીજુ પિયત ૨૦ થી ૨૫ દિવસે છોડ ઉપર ફૂલ દેખાય ત્યારે આપવું, અને ત્રીજુ પિયત ૩૦ થી ૩૫ દિવસે સુયા બેસતી વખતે આપવુ. |
| | | નિંદામણ અને આંતર ખેડ | • મગફળીના પાકને ૪૫ દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવો, આ માટે બે થી ત્રણ આંતર ખેડ કરવી. અથવા ઉભા પાકમાં વાવણીથી ૨૦ થી ૨૫ દિવસે ઇમીઝાથાયપર ૧૦ ટકા એસએલ ૧૫ મી.લી. અથવા ક્વીઝાલોફોપ ૫ ઇસી ૧૬ મિલી પ્રતિ પંપ છંટકાવ કરવો. |
| ચણા  | પોપટા અને દાણા ભરવા | લીલી ઇયળ |  ચણાનાં પાકમાં લીલી ઇયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે એચ.એન.પી.વી. ૨x૧૦$^{૯}$ પી.ઓ.બી./ મીલી (૫ મીલી/૧૦ લીટર પાણીમાં) અને કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી. (૨ મીલી/૧૦ લીટર પાણીમાં) નાં વારા ફરતી છંટકાવ કરવાની ભલામણ છે પ્રથમ છંટકાવ ૫૦ ટકા ફૂલ અવસ્થાએ અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવ બાદ ૧૫ દિવસે કરવો. કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૫ એસ.સી. દવાનો છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૧૧ દિવસનો જાળવવો.<br>• સજીવ ખેતી કરતા ખેડૂતોએ બ્યુવેરીયા બેસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ પ્રતિ પમ્પ સાથે **HaNPV** ૨x૧૦$^{૯}$ પી.ઓ.બી./ મીલી (૭ મીલી/પંપ) છંટકાવ કરી શકે છે. |
| | | સુકારો અને મૂળનો કોહવારો |  કાર્બેન્ડાઝીમ ૫૦ વે.પા. ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણી પ્રમાણે દ્રાવણ બનાવી રોગની અસર પામેલા છોડની ફરતે જમીનમાં આપવાથી રોગની તીવ્રતા ઘટાડી શકાય છે. |
| | | સ્ટંટ વાઈરસ |  રોગ મોલોમશી મારફતે ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે શોષકપ્રકારની કીટનાશક જેવી કે મિથાઇલ-ઓ-ડીમેટોન ૧૨ મિ.લિ. અથવા ડાયમીથોએટ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરિયાત મુજબ છંટકાવ કરવો |
| | પાક અવસ્થા | કાપણી | • પરીપકવતા સમયે ચણાના પોપટા પીળા પડી જાય છે અને પાંદડી સૂકાય જાય છે. આ વખતે ચણાની કાપણી શકય હોય તો સવારના સમયે કરવી. કાપણી કરેલ પાથરા ખળામાં સૂકવવા. પાથરા બરાબર સૂકાઇ જાય ત્યારે ટ્રેકટર કે બળદથી મસળવા અને ઉપણવા અથવા થ્રેસિંગ કરી દાણા છૂટા પાડવા. ત્યાર બાદ દાણાને સાફ કરી, ગ્રેડિંગ કરી, તડકામાં સારી રીતે સૂકવી, ઠંડા કરી જંતુરહિત કોથળામાં અથવા જસતની કોઠીઓમાં ભરવા. આમ કરવાથી ચણા લાંબો સમય સંગ્રહી શકાય છે. |
| ડુંગળી  | કંદનો વિકાસ | રીંગ વળી જવી અને જાંબલી ધાબાનો રોગ |  ડુંગળીમાં જાંબલી ધાબા, કોલેટોટ્રાયકમ અને ફ્યુઝેરીયમ ફૂગનો રોગ લાગે નહિ તે માટે પ્રોપીકોનાઝોલ, મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પમ્પમાં વારાફરતી કોઇપણ એક દવા નાખીને ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા.<br>• સફેદ કાંજી ડુંગળીના વાવેતર સમયે કાર્બેન્ડાઝીમ દવા ૨ થી ૩ ગ્રામ પ્રતિ કિલો મુજબ પટ આપીને પછી વાવેતર કરવું.<br>• શિયાળુ ડુંગળીનો રોપ ગાદી ક્યારા બનાવી તૈયાર કરવો. |
| લસણ  | વૃદ્ધિ | પિયત | • જરૂરિયાત મુજબ પિયત આપવું. લસણમાં પાનનો પીળિયો રોગ આવે નહિ તે માટે વધુ પડતું પિયત આપવું નહિ. |
| | | થ્રીપ્સ | • લસણમાં થ્રીપ્સના જૈવિક નિયંત્રણ માટે બ્યુવેરીયા બેસીયાના ૧.૧૫ વેપા (લઘુત્તમ સીએફયું ૨ **x** ૧૦^૬ પ્રતિ ગ્રામ) ૧૦ લીટર પાણીમાં ૩૦ ગ્રામ મિશ્ર કરી પ્રથમ છંટકાવ જીવાતનું નુકસાન દેખાય ત્યારે, બીજો છંટકાવ ૬૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં પ્રથમ છંટકાવના ૧૦ દિવસ બાદ અને ત્રીજો છંટકાવ ૮૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં બીજા છંટકાવના ૧૦ દિવસ બાદ કરવો. |
| રીંગણ/ | ફળનો વિકાસ | સફેદ માખી | • રીંગણી અને ટામેટીમાં સફેદ માખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ડાયફેન્થાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઇસી ૨૫ મિ.લી. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |

| | | | |
|---|---|---|---|
|  **ટામેટા**  | | **ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ** | • ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | **પાન કથીરી** | • રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો ઈથીઓન ૫૦ ટકા ઇસી ૧૫ મિલી અથવા પ્રોપરગાઈટ ૫૭ ઇ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | **લઘુપર્ણ** | • રોગ તડતડીયાંથી ફેલાતો હોવાથી રોપણી પછી ૧૦ થી ૧૫ દિવસે કાર્બોફ્યુરાન ૩ જી ૧ કિ.ગ્રા. સ.તત્વ/હે. પ્રમાણે છોડની ફરતે રીંગ પદ્ધતિથી આપવું અને ૧૦ થી ૧૨ દિવસના અંતરે ડાયમીથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા થાયોમેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળીને વારાફરતી જરૂર પ્રમાણે છંટકાવ કરવો. |
| **ઘઉં**  | **ફુલ અવસ્થા/ દુધિયા દાણા** | **સુકારો અને ગેરુ** |  • રોગની શરૂઆતમાં મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા |
| | | **ઉધઈ** | ઘઉંના ઊભા પાકમાં ઉધઈનો ઉપદ્રવ શરૂ થતો જણાય તો તુરત જ એક હેક્ટર પાકના વિસ્તાર માટે ફીપ્રોનિલ ૫ એસસી ૧.૬ લિટર અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૧.૫ લિટર ૧૦૦ કિ.ગ્રા. રેતી સાથે બરાબર ભેળવી માવજત આપેલ રેતી ઘઉંના ઊભા પાકમાં પૂંખવી અને ત્યારબાદ પાકને હળવું પિયત આપવું અથવા આ કીટનાશકનો જથ્થો પાણીના ઢાળીયા ઉપર લાકડાની ઘોડી મૂકી તેમાં જે તે કીટનાશકનો ડબ્બો ગોઠવી ટીપે ટીપે એક હેક્ટર વિસ્તારમાં પ્રસરે તે રીતે આપવી |
| **ઘઉં (સમયસર)** | **દુધિયા દાણા / પોંક અવસ્થા** | **કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા)** | • ઘઉંમાં દાણા પર કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા) ના નિયંત્રણ માટે છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપવું. ત્યારબાદ પિયત આપવું નહિ.<br>• ઘઉંની પોંક અવસ્થાએ મેન્કોઝેબ ૨૫ થી ૩૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૫ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગળીને છંટકાવ કરવો. |
| | | **બીજ શુધ્ધતા** | • ઘઉંમાં બિયારણની શુધ્ધતા જાળવવા સમયાન્તરે ઘઉંના વિજાતીય છોડ અન્ય પાક અને નીંદણના છોડને દૂર કરવા. |
| **ઘઉં (વહેલુ વાવેતર)** | **પોંક થી પાક અવસ્થા અવસ્થા** | **કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા)** | • ઘઉંમાં દાણા પર કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા) ના નિયંત્રણ માટે છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપવું. ત્યારબાદ પિયત આપવું નહિ.<br>• ઘઉંની પોંક અવસ્થાએ મેન્કોઝેબ ૨૫ થી ૩૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૫ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગળીને છંટકાવ કરવો. |
| | | **બીજ શુધ્ધતા** | • ઘઉંમાં બિયારણની શુધ્ધતા જાળવવા સમયાન્તરે ઘઉંના વિજાતીય છોડ અન્ય પાક અને નીંદણના છોડને દૂર કરવા. |
| **ધાણા**  | **ફુલ / વૃધ્ધિ અવસ્થા** | **નિંદામણ અને આંતરખેડ** | • નીંદામણના ઉપદ્રવને ધ્યાનમાં રાખીને ૨-૩ આંતરખેડ અને બે હાથ નીંદામણ જરૂરિયાત રહે છે. જ્યાં મજૂરની અછત અને નીંદામણ વધારે હોય ત્યારે વાવણી બાદ તુરત જ નીંદણનાશક દવાઓ જેવી કે પેન્ડીમીથેલીન ૧.૦ કિ.ગ્રા. સક્રિય તત્વ અથવા ફ્લ્યુક્લોરાલીન ૦.૯ કિ.ગ્રા. સક્રિય તત્વ પ્રતિ હેક્ટર પ્રમાણે વાવણી પહેલાં છંટકાવ કરી પિયત આપવું અથવા વાવણી બાદ પિયત આપી, બે દિવસ બાદ છંટકાવ કરવો. |
| | | **ભૂકી છારો** | • ખેતરમાં અમુક છોડમાં લક્ષણો દેખાય કે તરત જ ૮૦ % વેટેબલ સલ્ફર ૨૫ ગ્રામ અથવા ડીનોકેપ ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. |
| **જીરું**  | **ફુલ / વૃધ્ધિ અવસ્થા** | **પિયત** | • જીરૂના પાકમાં પ્રથમ પિયત વાવણી બાદ તૂરત જ આપવું.<br>• જીરૂનો ઉગાવો ૧૧ થી ૧૨ દિવસે થતો હોવાથી સારા ઉગાવા માટે બીજુ પિયત જમીનની પ્રત પ્રમાણે ૮ થી ૧૦ દિવસે સમયસર આપવું.<br>• **ત્રીજુ પિયત નીંદામણ કર્યા બાદ ૩૦ દિવસે આપવું અને ચોથું પિયત ૫૦ દિવસે આપવું.** |
| | | **થ્રીપ્સ** | • જીરુમાં થ્રીપ્સના જૈવિક નિયંત્રણ માટે બ્યુવેરીયા બેસીયાના ૧.૧૫ વેપા ૬૦ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી જીવાત દેખાય ત્યારે અને તેના ૧૦ દિવસ બાદ એમ બે છંટકાવ કરવા. |
| | | **ભૂકીછારો** | • ભૂકીછારા રોગના નિયંત્રણ માટે વહેલી સવારે ૩૦૦ મૈશનો ગંધક પાવડર હેક્ટરે ૧૫ થી ૨૦ કી.ગ્રા.અથવા પ્રોપીકોનેઝોલ અથવા હેક્ઝાકોનેઝોલ ૧૦ મી.લી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | | **કાળીયો/ ચરમી** | • જીરૂમાં ચરમી રોગના નિયંત્રણ માટે પાક ૩૦ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૭૫% વેટેબલ પાવડર ૨૫ ગ્રામ અથવા એઝોક્સીસ્ટ્રોબીન ૨૩ એસસી ૧૦ મિ.લી. અથવા પ્રોપીનેબ ૭૦ વે.પા.૧૫ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઇસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી જરુયાત મુજબ છંટકાવ કરવો. |
| **પશુપાલન** | | | • પ્રજીવથી થતા રોગોની ચકાસણી કરાવવી. ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટ્રાઝ ૨ મી.લી. ૧ લીટર પાણીમાં નાખીને છાંટવી. |

| | | |
|---|---|---|
|  | | • ગર્ભધારણ ન કરેલા હોય તેવા પશુઓને પશુડોક્ટર પાસે સારવાર કરાવવી, ગર્ભ પરીક્ષણ કરાવવું.<br>• દેશી ગાયોનું સંકરણ કરાવવું તેમજ દેશી અથવા ખરાબ સાંઢનું ખસીકરણ કરાવવું |

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના **હવામાન આધારિત કૃષિ સલાહ** અંગેના તાલુકા મુજબના **વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે** તમારા તાલુકા પર ક્લિક કરો.

**જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU),** ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી,
અમરેલી-૩૬૫૬૦૧, ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

## અમરેલી જીલ્લો



# District Agrometeorological Unit (DAMU)

## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122

Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

**#AmritMahotsav**

**Join our Telegram channel and block wise WhatsApp groups**

**Amreli District Agromet Advisory Service bulletin. No. 012 (2022)**
**Date:11-02-2022**

### Significant weather of past week, Amreli

| # | Parameter | 05/02/2022 | 06/02/2022 | 07/02/2022 | 08/02/2022 | 09/02/2022 | 10/02/2022 | 11/02/2022 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 29.9 | 31.7 | 28.9 | 29 | 29.3 | 29 | 27.7 |
| 3 | Min.Temp.(°C) | 12.3 | 14.6 | 14.6 | 15 | 16.1 | 15.2 | 14.5 |
| 4 | RH-I (%) | 100 | 100 | 100 | 100 | 100 | 98 | 62 |
| 5 | RH-II (%) | 20 | 29 | 37 | 38 | 36 | 31 | 33 |
| 6 | Wind Speed (kmph) | 8.7 | 10.3 | 12.2 | 10.5 | 12.8 | 13.6 | 24 |
| 7 | Wind Direction(deg.) | WSW-247 | SW-214 | SW-235 | WSW-247 | W-267 | NW-311 | NE-48 |
| 8 | Total CC (octa) out of 8 | 2 | 0 | 0 | 8 | 2 | 1 | 0 |

**Weather Forecast from 12/02/2022 to 16/02/2022**

| # | Parameter | 12/02/2022 | 13/02/2022 | 14/02/2022 | 15/02/2022 | 16/02/2022 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 30 | 31 | 32 | 31 | 30 |
| 3 | Min.Temp.(°C) | 14 | 15 | 16 | 14 | 14 |
| 4 | RH-I (%) | 27 | 30 | 36 | 57 | 47 |
| 5 | RH-II (%) | 18 | 15 | 15 | 15 | 19 |
| 6 | Wind Speed (kmph) | 17.2 | 10.4 | 12.7 | 13.8 | 11.7 |
| 7 | Wind Direction(deg.) | NE-45 | ENE-75 | SW-225 | W-270 | WNW-281 |
| 8 | Total CC (octa) out of 8 | 0 | 0 | 0 | 0 | 0 |

**Note: Above forecast is the average situation of whole district**

### Agro-Advisory

**Weather Summery**

- The weather in Amreli District is likely to be moderate humid, clear and cool in next 5 days, No probability of rainfall. The minimum temperature is likely to be 14-15 °C. The maximum temperature is likely to be 30-31° C in next five days.
- Wind direction likely from NE to ENE in Day-1 to 2 and from SW to WNW in day-3 to 5 **with gusts of 10 to 17 km/h.**

- Extended Range Forecast: No probability of rainfall over the Saurashtra and Kutch region from 16 to 22 February. Maximum and minimum temperature likely below normal on period of extended range forecast.

**General Advisory**

→ Use plastic mulch or crop wastage mulch for the moisture conservation and weed control.
→ Do harvesting of early sown chickpea.
→ To control constipation, give 20-40 grams of mustard oil to the calf at weekly intervals.
→ To protect animals from cold winds, keep cattle indoors at night time.
→ To prevent loose smut and kernel bunt in wheat don't apply after dough stage.
→ Do roughing in wheat to maintain the purity of seed of wheat.

**SMS Advisory:**

→ To prevent loose smut and kernel bunt in wheat don't apply after dough stage.

| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| **Sesame (Summer)** | Field Preparation and Variety Selection | Sowing | • As per the present cool weather condition Sowing of sesame crop after the 15th February, when minimum temperature is greater than 20 °C and Maximum temperature is greater than 30 °C. |
| | | Land Preparation | • Apply FYM @ 10 t/ha |
| | | Varieties | • GT-3 and GT-5 |
| | | Seed rate and seed treatment | • Seed rate: 2.5 kg/ha for line sowing.<br>• 4 to 4.5 kg/ha for broadcasting method |
| | | Fertilizer | • Apply DAP @ 54 kg, Ammonium Sulphate 76 kg and MOP @ 67 kg/ha with 10-ton FYM per hectare. |
| **Watermelone** | Sowing | Sowing time | • 2nd Week of January to Last week of March |
| | | Spacing and Seed rate | • Planting of watermelon at a distance of 2 m × 1 m depending on the soil texture and its fertility or by twin-row method at a distance of 1 m × 0.6 m × 3.4 m (1 m between two plants in each row, 3.4 m between two rows) To sow. Fruits remain small size in short distance planted crop. Considering the sowing distance and seed size, 2.5 to 3.0 kg Seeds are required for sowing one hectare. Seed treatment with fungicide before sowing Planting of hybrid. |
| | | Grow Covers | • Use grow covers if necessary to prevent crop from chilling injury. |

| | | | |
|---|---|---|---|
| | | Maintain the sex ratio | • To maintain the sex ratio (more number of female flowers), spray borax @ 3-4 g/l at 2-4 leaf stage |
| | | Top dressing | • Apply 14 Kg of N/acre at 25 days after sowing as top dressing. |
| | | Crop Protection | • Use yellow sticky traps for whitefly and aphids and blue sticky trap for thrips @ 4-5 trap/acre |
| **Green gram Black gram** | Field Preparation and Variety Selection | Sowing time | • February 15th to March 15th |
| | | | • Apply well decomposed FYM @ 4 t/acre or vermicompost @ 2 t/acre treated with Trichoderma 2-3weeks before sowing. |
| | | | • At the time of field preparation, adopt stale seed bed technique i.e. pre sowing irrigation followed by shallow tillage to minimize the weeds menace in field. |
| | | | • Growing intercrops such as marigold for the control of blister beetle, whitefly and leaf hoppers. |
| | | Seed rate | • Line Sowing: 15-20 kg/ha<br>• Broadcasting:20-25 kg/ha |
| | | Seed treatment | • Thiram or Carbendazim @ 3 g/kg seed |
| | | Rhizobium Treatment | • Apply 5 ml/ kg seed after fungicide treatment |
| | | Fertilizer | • 20-40-00 NPK kg/ha at the time of sowing with Sulphur @ 20 kg for the increased the protein and quality of the grain |
| | | Irrigation | • First Irrigate the field and sowing of the crop and the first irrigation to be apply at 25 to 30 days after sowing |
| **Pearl Millet** | Field Preparation and Variety Selection | Sowing time | • 1st or 2nd Week of February |
| | | Field Preparation | • Use well decomposed FYM @4t /acre or vermicompost @ 2.0 t/acre treated with Trichoderma at the time of last ploughing or at the time of Sowing.<br>• Apply vermicompost at 1 week before sowing and FYM at 3-4 weeks before sowing.<br>• Do not leave FYM or compost exposed to sunlight as nutrients may lose. |
| | | Variety | • GHB-526, 558 and 538 |
| | | Seed rate | • 3.75 to 4 kg/ha for the fertile soil and 5.75 to 6 kg/ha for the saline/sodic soil. |
| | | Spacing | • 45 to 60 X 10 to 15 cm. |

| | | | |
|---|---|---|---|
| | | Transplanting | • If farmers want to sowing pearl millet after Rabi crop, then they should prepare bed for the seedling before 20 to 25 days. |
| **Mango** | Marble sized fruit | Irrigation | • Apply Irrigation at 15 days of interval when the fruit is about size of pea. |
| | | Green manuring/ Spongy tissue /Mulching  | • When there is Fruit on the tree, cover the open ground or sowing Green gram/cluster bean / sunn-hemp to maintain moisture in the soil of mango orchard and use it as in-situ green manuring after completion of mango crop to prevent sponge tissue disease. And in other mangoes, the stains from the sun heat on the fruit can be prevented. |
| **Lime**  | Fruiting | Citrus Canker  | • Apply four spray of Bordeaux mixture or copper based fungicide in November, February, June and July for the control of the citrus canker. |
| | | Fruit dropping | • Apply urea 2% with NAA 2 ppm during fruiting to decrease the quantity of fruit dropping. |
| **Ber** | Fruiting | Irrigation | • Apply 4 irrigation in ber from October to February, Apply last irrigation in 2nd Week of January. |
| **Groundnut Summer**  | Germination to Flowering | Irrigation | • first irrigated provide immediately after the planting.<br>• The second irrigation should be given on 20 to 25 days at the time of the initiation of flowering, and the third irrigation should be given on 30 to 35 days at pegging stage. |
| | | Weeding and Intercuturing | • Keep crop weed free till the 45 days of sowing, Do 2 to 3 hand weeding or Apply Imazethapyr 10 SL @ 15 ml or quizalofop ethyl 5 EC @ 16 ml per pump. |
| **Chickpea**  | Pod development and grain filling | Pod borer | • Apply alternate spray of HaNPV 2 x $10^9$ POBs/ml (5 ml/10 lit. water) and chlorantraniliprole 18.5 SC 0.004 % (2 ml/10 lit. water) for effective and economic control of pod borer (Helicoverpa armigera) in chickpea crop. First spray to be started at 50% flowering and second at 15 days after first spray |
| | | Wilt and root rot | • The severity of the disease can be reduced by dissolve carbendazim 50 WP @ 10 gm in 10 liters of water and applying it in the soil around the infected plants |
| | | Stunt virus | • As the disease is spread through aphid, systemic insecticide like Methyl-O-dimeton @12 ml Or |

| | | | |
|---|---|---|---|
| | | | dimethoate @ 10 ml Mix in 10 liters of water and spray as required |
| | Maturity | Harvesting | • At maturity, the chickpeas turn yellow and the leaves become dry.<br>• The plants are stacked in the field for a few days to dry and later the crop is threshed by trampling or beating with wooden flails<br>• The chaff is separated from the grain by winnowing. |
| **Onion**  | Bulb formation | | • Seed should be sown on raised seedbed for seedling purpose.<br>• Cary out transplanting of onion, if seedling is ready.<br>• For the control of purple blotch blight and fusarium wilt disease in onion make 3 alternate sprays of Mancozeb 25 gm and Carbendazim 10 gm in 10 litres of water at 10 days interval. |
| **Mustard**  | Siliqua formation | Sawfly | • Kill the caterpillars by hand by dipping them in kerosene water at the beginning of the infestation. Apply a spray of Neem oil 50 ml Or neem based pesticide 20 ml (1 EC) to 40 ml (0.15 EC) in 10 litres of water. However, if the infestation is not controlled then apply Spray of dimethoate 30 EC @ 10 ml or quinalphos 25 EC @ 20 ml in 10 litres of water. |
| | | White Rust | • at the beginning of the disease Apply a spray of Mancozeb 75 WP 27 gm in 10 litres of water twice at 15 days of interval. |
| | | Powdery Mildew | • Apply a spray of wettable Sulfur 80 WP @ 25 g or Dinocap 48 EC @ 5 ml or hexaconazole 5 EC @ 5 ml in 10 litres of water. First spray at the initiation of the disease and one or two sprays depending on the severity of the disease. |
| **Garlic**  | Vegetative stage | Fertilizer | • Apply 25 kg Nitrogen fertilizer at one month after sowing as supplementary dose. |
| | | Thrips | • Apply schedule spraying of Beauveria bassisana 1.15 WP (Min. 2x106 cfu/g), first spray at initiation of pest infestation 0.0035 % (30 g/10 l of water). Subsequent second 0.007 % (60 g/10 l of water) and third 0.009 % (80 g/10 l of water) spray at 10 days interval for effective and economical management of thrips, Thrips tabaci in garlic. |

| | | | |
|---|---|---|---|
| **Brinjal**  **&** **Tomato**  | Fruit Development | Sucking pest | • For minimize population of whitefly, Spray 500 ml of 5 % neem seed extract or neem oil 50 ml or Difenthiuron 50 WP @ 16 gm / 10 lit of water. |
| | Fruit Development | Shoot & Fruit borer | • In brinjal and tomato crops, monitoring of borers by using pheromone traps 4-6 per acre is advised. For control of shoot and fruit borer in brinjal and tomato crops, infested fruits and shoots should be collected and buried into the soil. If insect population is above ETL then spraying of chlorantraniliprole18.5 % SC 3.0 ml or DDVP @ 7 ml/10 litre of water is advised. |
| | | Mites | • If infestation of mite is observed in brinjal, then spraying of Ethion 50 EC 15 ml or Propargite 57 % EC @ 10 ml/ 10 litre of water. |
| | | Little leaf | • Apply Carbofuran 3g @ 1 kg a.i./ha around the plant by ring method due to the disease is transmitted through jassids. Also, apply a spray of dimethoate 30 EC @ 10 ml or thiamethoxam 25 WG @ 4 gm at 10 to 12 days of intervals. |
| **Wheat**  | Crown Root initiation and tillering | Leaf blight and rust | • To control leaf blight and rust in wheat, at the beginning of the disease Apply a spray of Mancozeb 75 WP 27 gm in 10 litres of water twice at 15 days of interval. |
| | | Termite | • If a termite infestation is observed in the standing crop of wheat, immediately apply Fipronil 5 SC @ 1.6 litres or Chlorpyrifos 20 EC @ 1.5 litres with 100 kg of sand or soil per hectare. then lightly irrigate the crop. |
| **Wheat (Timely)** | Milking to Dough stage | Kernal Bunt and loose smut | • To prevent loose smut and kernel bunt in wheat don't apply after dough stage.<br>• If there observe this disease than apply mancozeb 25 to 30 g or chlorothalonil 25 g in 10 l of water. |
| | | Maintain Purity of seed | • Do roughing in wheat to maintain the purity of seed of wheat. |
| **Wheat (Early)** | Dough stage to maturity | Kernal Bunt and loose smut | • To prevent loose smut and kernel bunt in wheat don't apply after dough stage.<br>• If there observe this disease than apply mancozeb 25 to 30 g or chlorothalonil 25 g in 10 l of water |
| | | Maintain Purity of seed | • Do roughing in wheat to maintain the purity of seed of wheat. |
| **Corriender**  | Flowering and Vegetative | Weeding and Interculturing | • Two hand weeding and 2 to 3 interculturing operations are recommended, Or Apply pendimethaline 1.0 kg a.i or fluchloralin 0.9 kg a.i/ha as a pre-emergence if there is shortage of labour. |

| | | | |
|---|---|---|---|
| **Cumin**  | Flowering and Vegetative | Irrigation | • Apply light irrigation after sowing.<br>• Apply second irrigation 8 to 10 days after sowing since, germination of the crop at 11 to 12 days. |
| | | Weeding and Interculturing | • Keep crop weed free by doing weedng at 25 to 30 and 50 to 60 days after sowing.<br>• If there is sowing of the crop is done by broadcasting method then apply Pendimethalin @ 1.0 kg a.i. in 500 to 600 liters of water as a pre-emergence for the weed control. |
| | | Thrips | • Apply two sprays of Beauveria bassiana 1.15 WP (Min. 2x106 cfu/g) 0.007 % (60 g/10 l of water), first at initiation of pest infestation and second at ten days interval for effective, economical and eco-friendly management of thrips |
| | | Powdery Mildew | • Apply spray of Propiconazole @ 10 ml/10 liter in water or Hexaconazole or Supher @ 15-20 kg/ha for control of powdery mildew. |
| | | Fusarium Wilt | • Apply spray of Mancozeb 75 WP @25 g liter or Azoxystrobin 23 SC @ 10 ml or Propineb 70 WP @ 15 g or Propiconazole 25 EC @ 10 ml in 10 liter of water for the control of fusarium wilt. |
| **Livestock**  | | | • Spray Deltamethrin or Amitraz 2 ml/litre of water for the control of tick. Carry out Brucella and other infectious& reproductive diseases evaluation. Spray phenyl in the animal shed to avoid flys and mosquitoes.<br>• Breeding of indigenous cows as well as castration of non-descript bulls. |

## Click your block to join whatsapp group of DAMU

